ાંજન

## MSUની વિદ્યાર્થિની આરોહી ભાટીઆએ શાસ્ત્રીય રાગ-બાગેશ્રીની પ્રસ્તુતિ કરી

# રાજ્યસ્તરની શાસ્ત્રીય કંઠ્ય સંગીત સ્પર્ધામાં શહેરની વિદ્યાર્થિની પ્રથમ



**સંદેશ**

રાજ્ય સરકારના કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ તેમજ જિલ્લા યુવા વિકાસ અધિકારી કચેરી દ્વારા તાજેતરમાં ઉર્મિ સ્કૂલ ખાતે શાસ્ત્રીય કંઠ્ય સંગીત સ્પર્ધાનં આયોજન કરાયું હતું. જેમાં શહેરની ૧૯ વર્ષીય વિદ્યાર્થિની આરોહી ભાટિઆ પ્રથમ ક્રમે વિજેતા બની હતી.

જે વિશે આરોહીએ કહ્યું હતું કે, એમ.એસ.યુનિવર્સિટીમાં ટી.વાય.બી.કોમનો અભ્યાસ કરું છું. અમારા પરિવારમાંથી સંગીત સાથે કોઈને દુર-દુર સુધી કોઈ નાતો નથી. પરંતુ શાળામાંથી મેં મારા સંગીત શિક્ષક મનીષ વાઘમારે પાસેથી શાસ્ત્રીય સંગીતની તાલીમ લેવાની શરુઆત કરી હતી. મેં પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીમાંથી વોકલ વિભાગમાંથી ડિપ્લોમા કર્યુ છે. તે સિવાય હું ભરત નાટયમ્‌ની પણ તાલીમ લઈ રહી છું. આ સ્પર્ધામાં જિલ્લા અને પ્રદેશ સ્તરે વિજેતા લોકોને રાજ્ય સ્તરે મોકલાય છે. જેમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી ૧૦ ફાઈનલિસ્ટોએ પોતાના મનગમતાં રાગની પ્રસ્તુતિ કરી હતી. જેમાં મેં 'રાગ-બાગેશ્રીક્રની પ્રસ્તુતિ કરી હતી અને વિભાગ-અમાં અંડર ૨૧ એજ કેટેગરીમાં હું પ્રથમ આવી છું.